આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૬ | ૨૭ મે, ૨૦૧૩, સોમવાર; વૈશાખ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આપણી દાનત
ચમત્કારિક રીતે
આપણો સ્વભાવ
બની જાય છે
- શેક્સપિયર

# ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટાયુ

ગાંધીનગર, તા.૨૬

કાળઝાળ ગરમી વચ્ચે આજે વાતાવરણમાં અચાનક નાટકીય ઢંગે પલટો આવતા ધોમધગતા અને અગન દઝાડતા આકરા તાપ વચ્ચે વાતાવરણ વાદળ છાયું બન્યું હતું. વહેલી સવારથી વાદળો અને સૂર્યદેવ વચ્ચે સંતાકુકડી ખેલ જામ્યો હતો. ગરમીનો પારો એકાએક ૪૩ ડિગ્રીથી ૪૦ ડિગ્રી એટલે કે ૩ ડિગ્રી નીચે આવી જતા નાગરિકોને આકરા તાપથી થોડોક છૂટકારો અને રાહત મળી હતી પરંતુ હાલ ભેજનું પ્રમાણ વધતા બફારાએ ભારે પરેશાન કરી નાખ્યા છે.

સમગ્ર ભારતમાં હાલ ગરમી એ ભારે માજા મુકી છે. લોકો દિવસેને દિવસે ગરમીથી પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા બે ત્રણ દિવસથી દિવસે તાપમાનનો પારો ત્રણ ડિગ્રી જેટલો નીચે આવ્યો છે અને લોકોએ આકરા તાપથી થોડીક રાહત અનુભવી છે. તો બીજી તરફ રાત્રે તાપમાન ૨૮.૭ ડિગ્રી જેટલું રહેતા લોકો રાત્રિના બફારાથી ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જયારે રાત્રિના સમયગાળામાં પવન પણ ઓછો રહેતા બફારા સામે રાહત મેળવવી નાગરિકો માટે ઘણી મુશ્કેલ સાબિત થઈ રહી છે. આજે સવારથી વાતાવરણમાં આવેલા આ પલટાથી દિવસ દરમિયાન નાગરિકોએ બેવડી

## આગામી કલાકોમાં વરસાદી ઝાપટું પડવાની નિષ્ણાંતોની આગાહી

ઋતુનો અહેસાસ કર્યો હતો. ગરમી તાપ અને બફારાને જોતા કેટલાક હવામાન નિષ્ણાંતો પણ આગામી એક બે દિવસમાં વરસાદી ઝાપટું પડવાની આગાહી કરી રહ્યા છે. જો હવામાન નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે વરસાદી ઝાપટું આવશે તો કાળઝાળ ગરમી અને બફારામાં શેકાઈ રહેલા લોકોને થોડીક રાહત મળશે.



## રાજ્યના કેટલાક સ્થળોએ પ્રિ-મોન્સુન ઝાપટું

(તસવીર : દિપક જાની)

પ્રિ-મોન્સુન એકટીવીટીના ભાગરૂપે આવી રહેલો વાતાવરણનો પલટો વહેલા અને સારા વરસાદની છડી પોકારી રહ્યો છે. છેલ્લા દોઢ-બે માસથી આકરી ગરમીમાં શેકાઈ રહેલા વસાહતીઓ માટે આ સમાચાર રાહત આપનારા બની રહ્યા છે.

રાજ્યમાં છેલ્લાં બે દિવસથી ઉષ્ણતામાનમાં ઘટાડાની સાથે જ હવામાં ભેજનું પ્રમાણ વધવાને કારણે ઉકળામાં અસહ્ય વધારો થતાં લોકો ત્રાહીમામમ પોકારી ગયા હતા આજે સવારથી આકાશ વાદળછાયું બન્યા બાદ અમદાવાદ સહિત રાજ્યના ઘણા બધા વિસ્તારમાં વરસાદના છાંટણા પડયા હતા.હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે દેશના પંજાબ, હરિયાણા, દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સુધી આકાશમાં ધૂળની આંધી સર્જાતા તેમજ ઉત્તર-પૂર્વ પ્રદેશમાં ટર્ફ સર્જાતા આજે સવારથી જ વાતાવરણમાં પલોટો આવ્યો હતો. જો કે છેલ્લા બે દિવસથી તાપમાનમાં ઘટાડો નોંધાયો છે પણ હવામાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા નોંધાતા લોકોએ અસહ્ય બફારાનો અહેસાસ કર્યો હતો. આજે સવારના પહોરથી લોકો પંખાની હવા અડતી જ નથી એમ કહીને ગભરામણ અનુભવી રહ્યા હતા.

રાજયમાં આજે સવારથી આકાશ વાદળછાયું બન્યું હતું. સમીસાંજે અમદાવાદમાં કેટલાક વિસ્તારમાં વરસાદના છાંટણા પડયા હતા જ્યારે ભાવનગર જિલ્લાના શિહોર, સોનગઢ, સણોસરા, ઉમરાળા અને ધોળા પંથકમાં કમોસમી વરસાદના ઝાપટાં પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. આ ઉપરાંત જૂનાગઢ, ઉના, કોડીનાર, રાજકોટ,

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની નવરચિત સ્થાયી સમિતિની આજે પ્રથમ બેઠક

## સફાઈના પાયલોટ પ્રોજેકટ તેમજ મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનાના કામો અંગે ચર્ચા-વિચારણા બાદ નિર્ણય કરાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની નવી રચાયેલી સ્થાયી સમિતિની પ્રથમ બેઠકમાં સ્વચ્છ શહેરના પાયલોટ પ્રોજેકટ અમલીકરણ તથા મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનાના કામોના અમલીકરણના મુદ્દાઓ પર ચર્ચા હાથ ધરી નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગર શહેરની સફાઈનો મુદ્દો સ્થાયી સમિતિની બેઠકમાં સતત ચર્ચાનો મુદ્દો રહ્યો છે. સફાઈની એકમાત્ર સેવાઓ મહાનગરપાલિકાને સુપ્રત કરાઈ હોવા છતાં હજુ શહેરની સંપૂર્ણ સ્વચ્છતાનું અભિયાન માત્ર કાગળ પર જ રહેવા પામ્યું છે.

આજે મહાનગરપાલિકાની નવી વરાયેલ સ્થાયી સમિતિની પ્રથમ બેઠક નવા વરાયેલા ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં બપોરે ૧૨ વાગે મળશે. કોર્પોરેશનના સભાખંડમાં મળનારી સ્થાયી સમિતિની આ બેઠકમાં સ્વચ્છતા અભિયાનના પાયલોટ પ્રોજેકટ અંગેની ચર્ચાઓ કરી તેના અમલીકરણ માટે આગળ વધવાનો નિર્ણય કરાશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના ચારેય ઝોનમાંથી એક એક સેકટરની પસંદગી કરી અને આ સેકટરોની સંપૂર્ણ સફાઈ કરવામાં આવશે. આ પછી આ સેકટરોની સ્વચ્છતા જાળવવાની જવાબદારી જે તે લાયઝન અધિકારીની રહેશે.

આ લાયઝન અધિકારી નિયમિત રીતે સફાઈની કામગીરી અંગેનું રિપોર્ટીંગ આસીટન્ટ મ્યુનિ. કમિશનરશ્રીને કરશે અને તેનું સતત મોનીટરીંગ કરાશે. સ્થાયી સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચોમાસા પહેલાં સમગ્ર શહેરને આવરી લેવાનું આયોજન હાલ વિચારાયું છે.

મળતી વિગતો પ્રમાણે સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા માટે સ્થાયી સમિતિમાં આખી કાર્ય યોજના તૈયાર કરવામાં આવનાર છે. સફાઈ કામદારોની સંખ્યામાં વધારો

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતના બુટલેગરો અને બુકીઓનું લીસ્ટ તૈયાર કરવા આદેશ

## રીઢા ગુનેગારો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવાની શક્યતા તપાસી પગલાં લેવા તમામ જિલ્લા પોલીસ અધિકારીઓને ગૃહવિભાગની સૂચના

**ગૌતમ પુરોહિત** ગાંધીનગર, તા.૨૬

આઈપીએલ મેચ ફિક્સીંગના મામલે સટ્ટાબેટીંગનો રેલો આવતા ગુજરાતનું ગૃહ મંત્રાલય સતર્ક બન્યું છે. રાજયના ગૃહ વિભાગ તરફથી તમામ બુટલેગરો, બુકીઓ અને જુગારીઓનું લીસ્ટ તૈયાર કરવાનો અને પાસા હેઠળ પકડી શકાય છે કે કેમ તેની શક્યતા તપાસવાનો આદેશ કરવામાં આવ્યો છે.

વિભાગે જણાવ્યું છે કે રાજયમાં ફાલેલી જુગાર, વરલી, મટકા અને સટ્ટા બેટીંગ સહિતની અસામાજીક -વૃત્તિઓ બંધ કરવી જરૂરી બની છે. ગુજરાત જુગારધારા

● અનુસંધાન પાન-૭ પર








